નમૂનો : ૧ (તારાંકિત પ્રશ્નનું ફોલ્ડર)

અગ્રતા ક્રમ : **૦૧**

વિભાગ: ઉદ્યોગ અને ખાણ વિભાગ / ચ શાખા

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૧૨૯૬**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : **૧૯.૦૨.૨૦૨૪**

પંદરમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર

પ્રશ્નનું શીર્ષક : વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

પ્રશ્ન પૂછનાર માન.સભ્યશ્રી : શ્રી કેયુર નરાયણદાસ રોકડિયા

અને તેમનો મત વિસ્તાર (સયાજીગંજ) વડોદરા

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્ન | પાના નંબર |
| --- | --- | --- |
| મૂળ પ્રશ્ન | ગુજરાત વિધાનસભા દ્વારા પુછવામાં આવેલ પ્રશ્ન | |
| જવાબ | માન.મંત્રીશ્રી (ઉધોગ) દ્વારા મંજુર થયેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | |
| પ્રશ્ન ક્રમાંક | પૂરક પ્રશ્ન | |
| ૧ | ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩સુધીના સમયગાળામાં વડોદરા જિલ્લામાં તાલુકા પ્રમાણે વ્યાજ સહાયની કુલ કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી? | શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ) |
| ૨ | ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં વડોદરા જિલ્લામાં તાલુકા પ્રમાણે કેટલી વ્યાજ સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું? | શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ) |
| ૩ | હાલમાં વડોદરા જિલ્લામાં કુલ કેટલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોધાયેલ છે? ઉદ્યમ નોંધણીની પ્રક્રીયા અને ઉદ્યમ નોંધણીના ફાયદાઓ અંગે જણાવવા વિનંતી. | શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા) |
| ૪ | આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે કઈ કઈ યોજનાઓ જાહેર કરવામાં આવી છે ? | શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા) |
| ૫ | હાલની સ્થિતીએ ગુજરાતના એમ.એસ.એમ.ઈ. સેક્ટરની શું સિદ્ધિઓ છે? | શ્રી અક્ષયભાઇ પટેલ (કરજણ) |
| ૬ | ઝીરો ડીફેકટ ઝીરો ઈફેકટ (ઝેડ.ઇ.ડી.) યોજના શું છે. | |
| ૭ | ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન વડોદરા જિલ્લામાં તાલુકા દીઠ એમએસએમઇ એકમો દ્વારા કેટલુ નવું મૂડી રોકાણ થયુ? | |
| ૮ | વ્યાજ સહાય યોજનાના અમલીકરણનો સમયગાળો તેમજ તે માટે જરૂરી શરતો કઈ? | |
| ૯ | સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો એટલે શું? તેમની વ્યાખ્યા શું છે? | |

# વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

તારાંકિત પ્રશ્ન

ક્રમાંકઃ પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1296

વિષયઃ

વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 15/01/2024 | તારીખ 13/02/2024 | 30/01/2024 |

*15/4/1296 શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ)

લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે ઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાંઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

----

(મુખ્ય પેજ પર જાઓ)

## માન.મંત્રીશ્રી(ઉદ્યોગ) દ્વારા મંજુર થયેલ જવાબ

### વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

*** 15/4/1296: શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ): માનનીય લઘુ,સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ – ૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજુર કરેલ કલેઇમ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૩૧૫ |

(૨)

| વર્ષ | ચુકવણું કરેલ એકમની કલેઇમ અરજીઓની સંખ્યા | સહાયની રકમ (રૂ લાખમાં) |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૨૮૩ | ૯૭૬.૩૮ |

---

જવાબ આપવાની તારીખ: તા.૧૯/૦૨/૨૦૨૪.

વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર–૧૫/૪/૧૨૯૬/ચ
ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: 12 FEB 2024

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ ગુજરાત વિધાનસભા સચિવાલયના પ્રશ્ન દાખલ કર્યાની તા.૩૦/૦૧/૨૦૨૪ના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:*૧૫/૪/૧૨૯૬ અનુસંધાને વધારાની ત્રણ નકલો સહિત.

(જે.બી.પટેલ)
સયુંક્ત સચિવ(ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

(મુખ્ય પેજ પર જાઓ)

**પ્રશ્નનું મુખ્ય હાર્દ:**

<u>પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી કેયુર નરાયણદાસ રોકડિયા (સયાજીગંજ) વડોદરા</u>

- એમ.એસ.એમ.ઇ. એકમો નવા ઉદ્યોગોને સ્થાપવા અથવા તેના વિસ્તૃતિકરણ માટે ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ એમ.એસ.એમ.ઇ. એકમોને બેંક ટર્મ લોનના વ્યાજ પર નીચે મુજબ વ્યાજ સહાય મળવાપાત્ર થાય છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ તાલુકા કક્ષા પ્રમાણે નીચે મુજબ વ્યાજ સહાય મળવાપાત્ર છે.

| તાલુકા કેટેગરી | વ્યાજ સહાયનુ ધોરણ |
|---|---|
| કેટેગરી-૧ | ટર્મલોન ઉપર ૭% પ્રમાણે વ્યાજ સહાય મહત્તમ રૂ.૩૫/- લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૭ વર્ષ માટે |
| કેટેગરી-૨ | ટર્મલોન ઉપર ૬% પ્રમાણે વ્યાજ સહાય મહત્તમ રૂ.૩૦/- લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૬ વર્ષ માટે |
| કેટેગરી-૩ | ટર્મલોન ઉપર ૫ %પ્રમાણે વ્યાજ સહાય મહત્તમરૂ. ૨૫/- લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૫ વર્ષ માટે |

- વડોદરા જિલ્લામાં વ્યાજ સહાયની અરજીઓની વિગત (૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩)

| તાલુકા | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ | એકમ કક્ષાએ/જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પડતર અરજીઓ | ચૂકવણું કરેલ એકમોની સંખ્યા | ચુકવણું કરેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| વડોદરા | ૨૩૫ | ૨૦૨ | ૨૧ | ૧૨ | ૧૭૭ | ૪૪૭.૮૪ |
| ડભોઈ | ૧૨ | ૧૧ | ૧ | ૦ | ૧૧ | ૪૨.૧૦ |
| ડેસર | ૩ | ૩ | ૦ | ૦ | ૩ | ૧૭.૯૨ |
| કરજણ | ૧૫ | ૧૧ | ૧ | ૩ | ૧૧ | ૫૧.૧૮ |
| પાદરા | ૩ | ૩ | ૦ | ૦ | ૩ | ૧૮.૨૮ |
| સાવલી | ૬૬ | ૫૫ | ૫ | ૬ | ૫૦ | ૨૮૩.૮૯ |
| વાઘોડીયા | ૪૦ | ૩૦ | ૪ | ૬ | ૨૮ | ૧૧૫.૧૭ |
| કુલ | ૩૭૪ | ૩૧૫ | ૩૨ | ૨૭ | ૨૮૩* | ૯૭૬.૩૮ (નવ કરોડ છોત્તેર લાખ) |

- **આજની સ્થિતિએ મંજૂર ૩૧૫ ક્લેઇમ અરજીઓ પૈકી ૩૦૭ ક્લેઇમ અરજીઓનું ચૂકવણું થયેલ છે થયેથી બાકી રહેતા ૮ ક્લેઇમનુ ચૂકવણાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.**

**અરજી નામંજૂર થવાના સામાન્ય કારણો નીચે મુજબ છે.**

- અરજદારે ઓનલાઈન અરજીમાં વિસંગતતા/ભુલ કરેલ હોય.
- એકમના ટર્મ લોન ડેટામાં વિસંગતતા,
- એકમ એમએસએમઈની વ્યાખ્યામાં આવતું ન હોઈ,
- એકમે એકથી વધુ વખત ઓનલાઈન અરજી કરેલ હોઈ,
- એકમે વિસ્તૃતિકરણ (એક્ષપાંશન)/ડાઈવર્સીફીકેશનની શરતો પરિપૂર્ણ કરેલ ન હોઈ.

  એકમે યોજનાના ચેકલિસ્ટ મુજબ ડોક્યુમેન્ટ જમા કરાવેલ ના હોય.

(મુખ્ય પેજ પર જાઓ)

## પૂરક નોંધ

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી કેયુર નરાયણદાસ રોકડિયા (સયાજીગંજ) વડોદરા**

- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોએ ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં કરોડરજ્જુ સમાન છે.

  એમએસએમઈ ઉદ્યોગો રાજયની રોજગારી માટેનો એક મોટો સ્ત્રોત છે અને એમએસએમઈ એકમો ઓછા મૂડીરોકાણથી વધુ રોજગારી પૂરી પાડે છે. એમએસએમઈ એકમો ઔદ્યોગિક ઈકો સિસ્ટમનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે.
- ગુજરાત રાજ્યનું ઉદ્યોગ સાહસિકો પ્રત્યે ઉદાર વલણ અને તેમના વિકાસ માટેની દૂરદ્રષ્ટિના પ્રતાપે જ આજે ગુજરાતમાં ૧૬ લાખ કરતા પણ વધુ ઉદ્યોગો, ઉદ્યમ નોંધણી ધરાવે છે. અને રાજ્યના સુરત અને અમદાવાદ દેશભરમાં, સૌથી વધુ ઉદ્યમ પ્રમાણપત્ર ધરાવતા પ્રથમ ૧૦ શહેરોમાં સમાવેશ થાય છે.
- ગુજરાત સરકારે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫, ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અને હવે તાજેતરમાં આત્મનિર્ભર ગુજરાત યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. એકમોને આર્થિક લાભો મળી રહે તે સુનિશ્ચિત કરેલ છે.
- આ લાભો માં કેપિટલ સહાય, વ્યાજ સહાય, નેટ એસ.જી.એસ.ટી. સહાય, ઇ.પી.એફ. ચુકવણામાં સહાય, ગુણવત્તા પ્રમાણપાત્રો લેવામાં સહાય, ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ પ્રમાણપત્ર મેળવવામાં સહાય, ઇન્ફોરમેશન અને કૉમ્યૂનિકેશન ટેક્નોલોજીના સાધનો વસાવવામાં સહાય, નવી ટેક્નોલોજી વસાવવામાં સહાય, પેટન્ટની નોંધણી માટે સહાય, કોલેટરલ ફ્રી લોન લેવામાટે ચુકવેલ ફીમાં સહાય વગેરે જેવી આર્થિક સહાયો આપવામાં આવે છે.
- કેપિટલ સહાય યોજના અંતર્ગત સૂક્ષ્મ એમ.એસ.એમ.ઈ. એકમોએ લીધેલ ટર્મ લોનના ૨૫% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) મહત્તમ ૩૫ લાખની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- વ્યાજ સહાય યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. એકમોને લીધેલ ટર્મ લોનના ૭% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) અને મહત્તમ ૩૫ લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- નેટ એસ.જી.એસ.ટી. સહાય અંતર્ગત ફિક્સ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટના ૭.૫% પ્રતિ વર્ષ લેખે ૧૦ વર્ષ માટે ૧૦૦% સુધી (તાલુકા કેટેગરી પ્રમાણે) ચુકવેલ નેટ એસ જી.એસ.ટી.ની સહાયની જોગવાઈ છે.
- ઇ.પી.એફ. સહાય અંતર્ગત એકમ દ્વારા નવી રોજગારી ઉભી કરવા પર એકમને તે કામદારના ઇ.પી.એફ. પેટે મહત્તમ રૂ. ૧૮૦૦ પ્રતિમાસ સુધીની જોગવાઈ છે.
- એકમ દ્વારા ગુણવત્તા પ્રમાણપત્રો મેળવવામાં આવે તેવા કિસ્સામાં થયેલ ખર્ચના ૫૦% અને મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીની સહાયની જોગવાઈ છે.

- ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ પ્રમાણપત્ર મેળવવામાં મહત્તમ રૂ. ૫૦ હજાર સુધીની સહાયની જોગવાઈ છે.
- ઇન્ફોરમેશન અને કૉમ્યૂનિકેશન ટેક્નોલોજીના સાધનો વસાવવામાં એકમને થયેલ ખર્ચના ૬૫% અને મહત્તમ રૂ. ૫ લાખ સુધીની સહાયની જોગવાઈ છે.
- નવી ટેક્નોલોજી વસાવવામાં એકમને થયેલ ખર્ચના ૬૫% અને મહત્તમ રૂ. ૫૦ લાખ સુધીની સહાયની જોગવાઈ છે.
- જો એકમ કોઈ પેટન્ટની નોંધણી કરાવે તેવા કિસ્સામાં થયેલ ખર્ચ ના ૭૫% સુધી રૂ. ૨૫ લાખની મર્યાદામાં સહાયની જોગવાઈ છે.
- એસ.એમ.ઇ. એક્ષ્ચેન્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ થનાર ઉત્પાદન કરતાં એકમોને પ્રોત્સહિત કરવા એસ.એમ.ઇ. એક્ષ્ચેન્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ માટે થનાર ખર્ચના ૨૫% સુધીના અને મહત્તમ ૫ લાખ સુધીની સહાય આપવામાં આવશે.
- કોલેટરલ ફ્રી લોન મેળવવા એમ.એસ.એમ.ઈ. એકમ દ્વારા ચુકવવામાં આવેલ ફીની રકમના ૧૦૦%ની સહાયની જોગવાઈ છે.
- આ ઉપરાંત એકમને પાવર કનેકશન લેવામાં થયેલ ખર્ચ, એનર્જી અને વોટર ઓડિટ પેટે થયેલ ખર્ચ, ભાડાના એકમો દ્વારા ભરેલ ભાડા ઉપર પણ સહાયની જોગવાઈ આ યોજના હેઠળ આપવામાં આવે છે.
- સરકારની ઉદ્યોગ લક્ષી નીતિઓ અને ઔદ્યોગિક ઈકોસિસ્ટમને સતત વિકસિત કરવાની ઈચ્છાશક્તિ થકી જ આજે ગુજરાત રાજ્ય ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં ટોપ એચીવેરનું સ્થાન પ્રાપ્ત કરેલ છે.
- ગુજરાત રાજ્ય ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ (ઝેડ) પ્રમાણપત્રમાં પ્રથમ સ્થાન ધરાવે છે.
- ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અને ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ એમ.એસ.એમ.ઈ. એકમોને વિવિધ યોજનાઓ થકી રૂ. ૧૦ હજાર કરોડ (દસ હજાર કરોડ) થી વધુની સહાય ચુકવવામાં આવેલ છે. આ યોજના થકી એમએસએમઇ એકમો દ્વારા જ રાજ્યમાં રૂ. ૬૦ હજાર કરોડ (સાઇઠ હજાર કરોડ) કરતા વધુનું ઔદ્યોગિક મૂડીરોકાણ થવા પામેલ છે.

(મુખ્ય પેજ પર જાઓ)

| અગ્રતા ક્રમાંક:૦૧<br>ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ)** | |
| પેટા પ્રશ્ન : ૧ | **ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩સુધીના સમયગાળામાં વડોદરા જિલ્લામાં તાલુકા પ્રમાણે વ્યાજ સહાયની કુલ કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી?** |
| જવાબ | • ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં વડોદરા જિલ્લામાં તાલુકા પ્રમાણે મંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |

| તાલુકા | મંજૂર અરજીઓ |
|---|---|
| વડોદરા | ૨૦૨ |
| ડભોઈ | ૧૧ |
| ડેસર | ૩ |
| કરજણ | ૧૧ |
| પાદરા | ૩ |
| સાવલી | ૫૫ |
| વાઘોડીયા | ૩૦ |
| કુલ | ૩૧૫ |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક:૦૧

ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ)**

**પેટા પ્રશ્ન : ૨**

**ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં વડોદરા જિલ્લામાં તાલુકા પ્રમાણે કેટલી વ્યાજ સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું?**

જવાબ

- ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩સુધીના સમયગાળામાં વડોદરા જિલ્લામાં તાલુકા પ્રમાણે નીચે મુજબની અરજીઓનું ચૂકવણું કરવામાં આવ્યું.

| વ્યાજ સહાયનું ચૂકવણું (તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩) | | |
|---|---|---|
| તાલુકા | કલેઈમ અરજીઓ | ચુકવણું (રૂ. લાખમાં) |
| વડોદરા | ૧૭૭ | ૪૪૭.૮૪ |
| ડભોઈ | ૧૧ | ૪૨.૧૦ |
| ડેસર | ૩ | ૧૭.૯૨ |
| કરજણ | ૧૧ | ૫૧.૧૮ |
| પાદરા | ૩ | ૧૮.૨૮ |
| સાવલી | ૫૦ | ૨૮૩.૮૯ |
| વાઘોડિયા | ૨૮ | ૧૧૫.૧૭ |
| કુલ | ૨૮૩ | ૯૭૬.૩૮ લાખ<br>(નવ કરોડ છોતેર લાખ) |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક:૦૧

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા)

**પેટા પ્રશ્ન: 3**

**હાલમાં વડોદરા જિલ્લામાં કુલ કેટલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોધાયેલ છે ? ઉદ્યમ નોંધણીની પ્રક્રીયા અને ઉદ્યમ નોંધણીના ફાયદાઓ અંગે જણાવવા વિનંતી.**

**જવાબ**

વડોદરા જિલ્લામાં નોંધાયેલા એકમોની વિગત (૧૨/૦૨/૨૦૨૪ની સ્થિતિએ)

| ક્રમ | કુલ ઉદ્યમ નોંધણી | સૂક્ષ્મ | લઘુ | મધ્યમ |
|---|---|---|---|---|
| ૧ | ૧,૩૦,૪૨૦<br>(એક લાખ ત્રીસ હજાર ચારસો વીસ) | ૧,૨૫,૮૩૪<br>(એક લાખ પચ્ચીસ હજાર આઠસો ચોત્રીસ) | ૪,૧૨૮<br>(ચાર હજાર એકસો અઠ્યાવીસ) | ૪૫૮<br>(ચારસો અઠ્ઠાવન) |

➢ નોંધણી પ્રક્રિયા:

- ભારત સરકારના ઉદ્યમ નોંધણી પોર્ટલ પર ઓનલાઈન સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની નોધણી કરવામાં આવે છે.
- કોઈપણ ઉત્પાદન અને સેવા આપતા એકમો ઉદ્યમ નોંધણી મેળવી શકે છે. જે ઉદ્યમ નોંધણી પોર્ટલ ઉપર સરળતાથી નોંધણી કરાવી શકે છે.
- ઉદ્યમ નોંધણી માટેની પ્રક્રિયા સંપૂર્ણ પેપરલેસ છે. તે માટે કોઈપણ પ્રકારનાં દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર નથી.
- ઉદ્યમ નોંધણી કરવા માટે કોઈ ફી નથી.

➢ ઉદ્યમ નોંધણી લેવાનાં ફાયદા :

- ઉદ્યમ નોંધણી એ એકમો માટે મૂળભૂત ઓળખ અને કાયમી નોંધણી હશે.
- એમ.એસ.એમ.ઇ. ઉદ્યમ નોંધણીને કાગળ વીના અને સ્વઘોષિત માહિતી આધારીત છે.
- આ નોંધણી માટે રીન્યુઅલની જરૂર રહેશે નહી.
- એકમોની ઉત્પાદન અથવા સેવા અથવા બંને સહિતની કોઈપણ પ્રવૃત્તિઓ (એક અથવા એકથી વધારે) ઉલ્લેખ નોંધણી વખતે કરી શકાય છે.
- ઉદ્યમ નોંધણીની સાથે સાથે એકમો ગવર્મેન્ટ ઈ-માર્કેટ અને સમાધાન પોર્ટલનો લાભ મેળવી શકશે.
- એકમોને ઉધમ નોંધણી દ્વારા એમ.એસ.એમ.ઈની ભારત સરકારની અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ મેળવી શકે છે અને વધારામાં સરકારી ટેન્ડર તથા વિલંબિત ચુકવણીનાં કેસોમાં મદદ મેળવી શકે છે.
- સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને બેંક દ્વારા અપાતી લોન આરબીઆઈના નિયમો મુજબ પ્રાયોરીટી સેક્ટર લેન્ડિંગમાં ગણના થતી હોય, એમએસએમઈ એકમોને ઓછા વ્યાજ દરે અને ઝડપી લોન મેળવી શકે છે.

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક:૦૧

ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ચૈતન્યભાઇ દેસાઇ (અકોટા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૪ | **આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે કઈ કઈ યોજનાઓ જાહેર કરવામાં આવી છે ?** |
| જવાબ | આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ એમએસએમઈ એકમોને ઔદ્યોગિક નિતી-૨૦૨૦ કરતા વધારાની સહાય રૂપે નેટ એસજીએસટી પુન:ભરપાઇ યોજના અને ઈપીએફ સહાય યોજનામાં અમલમાં મૂકવામાં આવી છે.<br><br>એમએસએમઈ સેક્ટર માટે નીચે મુજબની યોજનાઓ જાહેર કરવામાં આવી છે. |

| ક્રમ | યોજનાનું નામ | સહાયનું ધોરણ |
|---|---|---|
| ૧ | કેપિટલ સહાય યોજના | સુક્ષ્મ ઉત્પાદન એકમોને ટર્મલોનના ૨૫% લેખે અને મહત્તમ રૂ.૩૫.૦૦ લાખ.) (તાલુકા કેટેગરી પ્રમાણે) |
| ૨ | વ્યાજ સહાય યોજના | ટર્મલોન ઉપર ૭% લેખે મહત્તમ રૂ.૩૫.૦૦ લાખ પ્રતિ વર્ષની મર્યાદામાં ૭ વર્ષ માટે (તાલુકા કેટેગરી પ્રમાણે) |
| ૩ | નેટ એસજીએસટી પુન: ભરપાઇ યોજના (એમએસએમઈ) | માન્ય મૂડીરોકાણના વાર્ષિક ૭.૫% સુધી ૧૦ વર્ષ માટે ૧૦૦% નેટ એસ.જી.એસ.ટી. |
| ૪ | ઈપીએફ પુન: ભરપાઇ ટુ એમએસએમઈ | નવા કર્મચારી દીઠ રૂ.૧૮૦૦ દસ વર્ષ માટે. |
| ૫ | ગુણવત્તા સહાય યોજના | ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવાની ફી તથા ઈક્વિપમેંટના ખર્ચના ૫૦% લેખે અને મહત્તમ રૂા. ૧૦.૦૦ લાખની સહાય |
| ૬ | ઝેડ સર્ટીફીકેટ માટે આર્થિક સહાય | ઝેડ સર્ટીફીકેટ મેળવવા ખર્ચની રકમના ૫૦% રકમ વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/-સહાય. |
| ૭ | ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજીના અમલીકરણ માટે સહાય | મૂડી ખર્ચના ૬૫% લેખે વધુમાંવધુ રૂા.૫.૦૦ લાખની મર્યાદામાં. |
| ૮ | ટેકનોલોજી એકવીઝેશન માટે સહાય | ૬૫% લેખે મહત્તમ રૂ.૫૦.૦૦ લાખની મર્યાદામાં. |
| ૯ | પેટન્ટ રજિસ્ટ્રેશન માટે સહાય | ૭૫% લેખે સહાય, મહત્તમ રૂ.૨૫.૦૦ લાખની મર્યાદામાં |

| | | | |
|---|---|---|---|
| | ૧૦ | વીજળી અને પાણીના વપરાશની બચત માટેની સહાય | સાધનની કિંમતમાં ૨૫% લેખે વધુમાં વધુ રૂ.૨૦.૦૦ લાખની મર્યાદામાં. |
| | ૧૧ | એસએમઇ એકસચેન્જ દ્વારા મુડી ઉભી કરવા માટે | લઘુ અને મધ્યમ કક્ષાના એકમો દ્વારા ફંડ ઉભુ કરવા થયેલ ખર્ચના ૨૫% લેખે મહત્તમ રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં |
| | ૧૨ | સીજીટીએમએસઈની ચુકવણી અંગે સહાય | બેંક/નાણાંકીય સંસ્થા દ્વારા કોલેટરલ ફ્રી ટર્મ લોન માટે વસુલ કરવામાં આવેલ ફીની રકમનાં ૧૦૦% સહાય.(પાંચ વર્ષ માટે) |
| | ૧૩ | પાવર કનેક્શન ચાર્જમાં રાહત | એલ.ટી/એચ.ટી સર્વીસ લાઇન માટે લાયસન્સ મેળવવા ચુકવેલ ચાર્જીસના ૩૫% લેખે પરંતુ વધુમાં વધુ રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં. |
| | ૧૪ | સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગોને ભાડામાં સહાય | ઉદ્યોગકાર દ્વારા ચુકવેલ ભાડાનાં ૬૫% લેખે રૂ.૧.૦૦ લાખ પ્રતિવર્ષની મર્યાદામાં. |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક:૦૧

ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અક્ષયભાઇ પટેલ (કરજણ) | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૫ | **હાલની સ્થિતીએ ગુજરાતના એમ.એસ.એમ.ઈ. સેક્ટરની શું સિદ્ધિઓ છે?** |
| જવાબ | • તા.૧૨/૦૧/૨૦૨૪ ની સ્થિતીએ ગુજરાત રાજ્યમાં કુલ ૧૬ લાખ કરતા વધારે ઉદ્યમ રજીસ્ટ્રેશન નોંધાયેલ છે. એમએસએમઈ રજીસ્ટ્રેશન/ઉદ્યમ નોંધણીમાં ગુજરાત દેશભરમાં પાંચમા ક્રમે છે.<br>• એમએસએમઈ સામૂહિક રીતે ૯૦ લાખથી વધુ લોકોને રરોજગાર પ્રદાન કરે છે. જેમાં સૂક્ષ્મ, ૪% નાના અને ૧% મધ્યમ ઉદ્યોગો હાલમાં કાર્યરત છે. હાલમાં એમએસએમઈ એકમ મેન્યુફેકચરીંગ ક્ષેત્રમાં ૪૦% અને સર્વિસ ક્ષેત્રમાં ૬૦% વર્ગીકૃત છે.<br>• એમએસએમઈ રજીસ્ટ્રેશન/ઉદ્યમ નોંધણીમાં કુલ. બે લાખથી વધારે મહિલા ઉદ્યોગ સાહસિકો નોંધાયેલ છે તથા મહિલા ઉદ્યોગ સાહસિકોની નોંધણીમાં ગુજરાત પાંચમાં ક્રમે છે.<br>• ઉદ્યમ નોંધણીમાં ગુજરાતના બે જિલ્લા અમદાવાદ અને સુરતનો ભારતના પ્રથમ દસ જિલ્લાઓમાં સમાવેશ થાય છે.<br>• એમએસએમઈ-વિકાસ કાયદા અન્વયે વિલંબિત ચુકવણાના કેસોના ઝડપી નિકાલ માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક પરીષદ સ્થાપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.<br>• સમગ્ર દેશમાં ઝીરો ઈફેક્ટ ઝીરો ડીફેકટ (ઝેડ) પ્રમાણપત્ર મેળવવામાં ગુજરાત હાલમાં પ્રથમ સ્થાન ધરાવે છે. તા.૧૨/૦૨/૨૦૨૪ની સ્થિતિએ ગુજરાત રાજયના ૩૧ હજાર કરતા વધારે એકમોએ ઝીરો ઈફેકટ ઝીરો ડીફેકટ (ઝેડ) પ્રમાણપત્ર મેળવેલ છે. જે અંતર્ગત તમામ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ઝીરો ઈફેકટ ઝીરો ડીફેકટ (ઝેડ) પ્રમાણપત્ર માટે એમએસએમઈને મદદગાર થઈ રહ્યા છે.<br>• એમએસએમઇ એકમોને જામીનગીરી વગરની બેંક લોન (સી.જી.ટી.એમ.એસ.ઇ.) અંતર્ગત હાલ ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં સમગ્ર ગુજરાતમાં કુલ ૪૩,૩૩૬ (તેતાળીસ હજાર ત્રણસો છત્રીસ) એકમોને રૂ.૮૨૦૯ (આઠ હજાર બસો નવ) કરોડની લોન મંજૂર કરવામાં આવેલ છે.<br>• ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેંકીંગમાં ગુજરાત ટોપ અચિવર રહેલ છે.<br><u>એમ.એસ.એમ.ઇ. ની વિવિધ યોજનાઓ</u><br>• ગુજરાત સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અને ઔધોગીક નીતિ- ૨૦૨૦ હેઠળ એમએસએમઈ એકમોને કુલ ૧૦,૦૦૦ કરોડ કરતા વધારે સહાયનુ ચુકવણુ કરવામાં આવેલ છે. જેનાથી એમએસએમઈમાં ૬૦,૦૦૦ કરોડ કરતા વધારેનુ રોકાણ થયેલ છે. |

(મુખ્ય પેજ પર જાઓ)

| અગ્રતા ક્રમાંક:૦૧<br>ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | |
| પેટા પ્રશ્ન : ૬ | ઝીરો ડીફેક્ટ ઝીરો ઈફેક્ટ (ઝેડ.ઇ.ડી.) યોજના શું છે ? |
| જવાબ | ઝીરો ડીફેકટ ઝીરો ઈફેકટ યોજના (ઝેડ)<br>ઝેડ સર્ટીફિકેટ નો ઉદ્દેશ<br>• ભારતના ૬૮ માં સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રને સંબોધતા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખાસ કરીને ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ને દેશમાં ઝીરો ડીફેક્ટ સાથે માલસામાનનું ઉત્પાદન કરવા અને ઉત્પાદિત થયેલ માલ સામાનની પર્યાવરણ પર ઝીરો ઇફેક્ટ થાય તેની પરિકલ્પના કરી હતી.<br>ઝેડ પ્રમાણપત્ર લેવલ<br>• ઝેડ પ્રમાણપત્ર (૧) બ્રોન્ઝ (૨) સિલ્વર (૩) ગોલ્ડ એમ ત્રણ લેવલમાં આપવામાં આવે છે.<br>ઝેડ પ્રમાણપત્ર મેળવેલ ગુજરાતના એકમો<br>• તા.૧૨/૦૨/૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૩૧,૫૭૬ (એકત્રીસ હજાર પાંચસો છોતેર) એકમો ઝેડ પ્રમાણપત્ર ધરાવે છે, જે પૈકી ૩૧,૫૦૩ (એકત્રીસ હજાર પાંચસો ત્રણ) એકમો બ્રોન્ઝ પ્રમાણપત્ર, ૪૦ એકમો સિલ્વર પ્રમાણપત્ર અને ૩૩ એકમો ગોલ્ડ પ્રમાણપત્ર ધરાવે છે અને<br>હાલમાં સમગ્ર દેશ ઝેડ પ્રમાણપત્ર મેળવવામાં ગુજરાત પ્રથમ સ્થાન ધરાવે છે.<br>ઝેડ પ્રમાણપત્ર મેળવવાના ફાયદા:<br>• રેલવે દ્વારા પાર્સલની હેરફેરમાં ફ્રેઇટ ચાર્જમાં ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે.<br>• વિવિધ બેંકો દ્વારા પ્રોસેસીંગ ફી અને વ્યાજ દરમાં કન્સેસન આપવામાં આવે છે.<br>• ક્રેડીટ ગેરંટી સ્કીમ હેઠળ કોલેટરલ ફ્રી લોનમાં ૮૫% સુધી ગેરંટી કવરેજ મળે છે તેમજ ગેરન્ટી ફીમાં ૧૦% રાહત મળે છે.<br>• કેન્દ્ર સરકાર દ્વારા માઇક્રો એકમોને ઝેડ પ્રમાણપત્રના ખર્ચના ૮૦%, સ્મોલ એકમોને ૬૦% તેમજ મીડીયમ એકમોને ૫૦% સુધીની સહાય આપવામાં આવે છે. તેમજ મહિલા/એસ.સી/એસ.ટી એન્ટરપ્રિનિયર એમએસએમઈ એકમોને ૧૦% વધુ સહાય આપવામાં આવે છે. |

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક:૦૧

ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬

પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી :

| | |
|---|---|
| પેટા પ્રશ્ન : ૭ | **ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન વડોદરા જિલ્લામાં તાલુકા દીઠ એમએસએમઇ એકમો દ્વારા કેટલુ નવું મૂડી રોકાણ થયુ?** |

જવાબ

- ઔદ્યોગિક નિતી ૨૦૨૦ હેઠળ તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩દરમિયાન વડોદરા જિલ્લામાં તાલુકા દીઠ એમએસએમઇ એકમો દ્વારા થયેલ નવું મૂડી રોકાણ નીચે મુજબ છે.

| તાલુકા | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | |
|---|---|---|
| | એકમો | રોકાણ |
| વડોદરા | ૭૬ | ૧૪૦ (એકસો ચાલીસ કરોડ) |
| ડભોઈ | ૧ | ૬૭ (સડસઠ લાખ) |
| ડેસર | ૧ | ૨.૩૮ (બે કરોડ આડત્રીસ લાખ) |
| કરજણ | ૪ | ૫.૩૫ (પાંચ કરોડ પાંત્રીસ લાખ) |
| સાવલી | ૨૨ | ૧૧૦ (એકસો દસ કરોડ) |
| વાઘોડિયા | ૧૦ | ૧૩૬ (એકસો છત્રીસ કરોડ) |
| શિનોર | ૧ | ૧.૦૮ (એક કરોડ આઠ લાખ) |
| કુલ | ૧૧૫ | ૩૯૫.૪૮ (ત્રણસો પંચાણું કરોડ અડતાલીસ લાખ) |

મૂડીરોકાણનો આધાર:

એકમને વ્યાજ સહાય પ્રોજેક્ટ માટેની બેંક ટર્મલોન પર આપવામાં આવે છે. વ્યાજ સહાયની અરજી વખતે એકમ પ્રોજ્કટ કોસ્ટની વિગત, મૂડીરોકાણ અને ટર્મલોનની વિગત રજૂ કરે છે તેના આધારે મૂડીરોકાણની વિગતો મેળવવામાં આવે છે.

(મુખ્ય પેજ પર જાઓ)

અગ્રતા ક્રમાંક:૦૧

ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬

પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી :

**પેટા પ્રશ્ન : ૮** **વ્યાજ સહાય યોજનાના અમલીકરણનો સમયગાળો તેમજ તે માટે જરૂરી શરતો કઈ?**

**જવાબ**

❖ <u>યોજનાના અમલીકરણનો સમયગાળો</u>

સદર યોજના તા:૦૭/૦૮/૨૦૨૦ થી તા:૦૪/૧૦/૨૦૨૨ સુધીના સમય માટે અમલમાં હતી. તા:૦૫/૧૦/૨૦૨૨ ના રોજ ઠરાવમાં સુધારો કરી આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ એમએસએમઈ યોજના જાહેર કરવામાં આવેલ છે.

❖ <u>કોણ સહાયપાત્ર છે?</u>

એવા એમએસએમઈ એકમો જેમણે બેન્ક અથવા અન્ય ફાઈનાન્શીયલ ઈન્સ્ટીટ્યુટ પાસેથી ટર્મલોન મેળવેલ છે અને એમએસએમઈ એક્ટ-૨૦૦૬ મુજબ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગની વ્યાખ્યામાં આવે છે તે તમામ એકમો આ યોજના હેઠળ સહાયપાત્ર છે.

❖ <u>સહાય માટે એલીજીબલ કેટેગરી કઈ?</u>

એમએસએમઈ એકમ નવા એકમ, હયાત એકમ તેમજ વિસ્તૃતિકરણ(એક્ષ્પાન્શન), વૈવિધ્યીકરણ(ડાઈવર્સીફીકેશન), તરીકે વ્યાજ સહાય મેળવી શકશે. જેની વ્યાખ્યા નીચે મુજબ છે.

(૧) નવું એકમ:

નવું એકમ એટલે કે એ એમએસએમઇ, જેણે ઉદ્યમ રજીસ્ટ્રેશન ફાઇલ કર્યું હોય અને યોજનાના સમયગાળા દરમિયાન ઉત્પાદન શરૂ કરેલ છે.

(૨) હયાત એકમ

હયાત એકમ એટલે એ એમએસએમઇ એકમ જેણે યોજનાની જાહેરાતની તારીખ પહેલાં ઉત્પાદન શરૂ કર્યું હોય.

(3) એક્ષ્પાન્શન (વિસ્તૃતિકરણ):

વિસ્તૃતિકરણ શરૂ કર્યાની તારીખે હયાત કે નવા એકમ દ્વારા હયાત મૂડીરોકાણના ૫૦% થી વધુનું મૂડીરોકાણ (જે પૈકીનું ૬૦% પ્લાન્ટ અને મશીનરીમાં થયેલ હોય) કરવામાં આવે અને થયેલ વિસ્તૃતિકરણ દ્વારા યોજનાના સમયગાળામાં ઉત્પાદન શરૂ કરવામાં આવે તેને વિસ્તૃતિકરણ કહેવામાં આવશે. યોજનાના સમયગાળા દરમિયાન ફકત એક જ વિસ્તૃતિકરણ સહાયપાત્ર બનશે.

<u>વ્યાજ સહાય માટેની શરતો:</u>

- એકમે સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.
- મોડી અરજીઓ સ્વીકારવામાં આવશે પરંતુ લેટ સબમિશન સમયગાળો મળવાપાત્ર સમય અને સહાયમાંથી બાદ કરવાનો રહેશે.
- એકમે આરબીઆઈ માન્ય બેન્ક અથવા નાણાકીય સંસ્થા પાસેથી ટર્મલોન લેવાની રહેશે.
- એકમે પ્રથમ ધિરાણ ઔદ્યોગિક નીતિના અમલિકરણ સમયગાળામાં લેવાનું રહેશે.
- એકમ ઓછામાં ઓછું ૫ વર્ષ સુધી સતત ઉત્પાદનમાં રહેવું જોઈએ.
- એકમે રોજગારીની શરતો પરિપૂર્ણ કરવાની રહેશે.

(મુખ્ય પેજ પર જાઓ)

| | |
|---|---|
| અગ્રતા ક્રમાંક:૦૧<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૫/૪/૧૨૯૬ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | |
| પેટા પ્રશ્ન: ૯ | **સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો એટલે શું? તેમની વ્યાખ્યા શું છે?** |
| જવાબ | એમએસએમઇ ની વ્યાખ્યા (see below) |

**એમએસએમઇ ની વ્યાખ્યા**

- ભારત સરકારના તારીખ ૨૬મી જૂન ૨૦૨૦ના નોટીફીકેશનથી સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વ્યાખ્યા તા. ૦૧/૦૭/૨૦૨૦થી અમલીકૃત કરવામાં આવી છે.
- સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગની વ્યાખ્યા રોકાણ અને ટર્ન ઓવરનાં સંયુક્ત માપદંડને આધારીત એકમોને વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- વ્યાખ્યામાં મેન્યુફેક્ચરીંગ અને સર્વિસ એકમોના વર્ગીકરણ માટે એક જ માપદંડ રાખવામાં આવેલ છે.

| મેન્યુફેક્ચરીંગ અને સર્વીસ સેક્ટર (સંયુકત) | |
|---|---|
| સુક્ષ્મ એકમ | પ્લાન્ટ, મશીનરી અને ઇક્વીપમેન્ટમાં થયેલ કુલ મૂડીરોકાણ રૂ ૧ કરોડથી વધુ ન હોય અને ટર્નઓવર રૂ. ૫ કરોડથી વધુ ન હોય. |
| લઘુ એકમ | પ્લાન્ટ, મશીનરી અને ઇક્વીપમેન્ટમાં થયેલ કુલ મૂડીરોકાણ રૂ.૧૦ કરોડથી વધુ ન હોય અને ટર્નઓવર રૂ. ૫૦ કરોડથી વધુ ન હોય |
| મધ્યમ એકમ | પ્લાન્ટ, મશીનરી અને ઇક્વીપમેન્ટમાં થયેલ કુલ મૂડીરોકાણ રૂ. ૫૦ કરોડથી વધુ ન હોય ટર્નઓવર રૂ. ૨૫૦ કરોડથી વધુ ન હોય. |

- આત્મનિર્ભર યોજના હેઠળ સહાય માટે એમએસએમઇ એકમોની વ્યાખ્યા માટે ટર્ન ઓવર ધ્યાને ન લેતા પ્લાન્ટ એન્ડ મશીનરી અને ઇક્વીપમેન્ટ (સાધનો)નુ મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવે છે.

(મુખ્ય પેજ પર જાઓ)